S.U.G College Of Education, Vasna, Ahmedabad

# અભ્યાસક્રમ વિકાસના સિધ્ધાંતો

Dr. Kiranben Jayantilal Patel,
Adhyapak S.U.G College Of Education, Vasna, Ahmedabad

# : અભ્યાસક્રમ વિકાસના પાયા

અભ્યાસક્રમ આલેખનના સ્ત્રોત
અભ્યાસક્રમ વિકાસના દાર્શનિક પાયા
અભ્યાસક્રમ વિકાસના મનોવૈજ્ઞાનિક પાયા
અભ્યાસક્રમ વિકાસના સમાજશાસ્ત્રીય પાયા

# અભ્યાસક્રમ આલેખનના સ્ત્રોત ( sources of Curriculum design)

- અભ્યાસક્રમ એ કયા સ્ત્રોતમાંથી ઉદ્દભવ પામે છે? તે સ્ત્રોતનું સ્વરૂપ કેવું છે જે થકી અભ્યાસક્રમ નિર્માણ પામે તેને અભ્યાસક્રમ ના સ્ત્રોત કેહી શકાય અભ્યાસક્રમ ના સ્ત્રોત એ અભ્યાસક્રમનું જન્મ સ્થાન છે. અભ્યાસક્રમ આલેખ ના વિવિધ સ્ત્રોતો નીચે દર્શાવેલ છે.

1. રાજ્ય
2. વિજ્ઞાન
3. સમાજ
4. નૈતિક સિધ્ધાંત
5. જ્ઞાન
6. અધ્યેતા ( શીખનાર )

# વિજ્ઞાન

- આધુનિક સમય એ વિજ્ઞાન અને ટેકનોલોજીનો યુગ ગણાય છે. ટેકનોલોજીના ક્ષેત્રે પ્રગતિ સધાઈ છેવિજ્ઞાનની  વ્યવહારુ ઉપયોગિતા સાથે તેમજ ટેકનોલોજીના ક્ષેત્રે સધાયેલી પ્રગતિ સાથે અભ્યાસક્રમનો સમન્વય આવશ્યક બન્યો છે.  વિજ્ઞાન અને ટેકનોલોજીના યુગમાં ફક્ત જ્ઞાન પ્રાપ્તિ થી સંતોષ  માનવાથી અર્થ સરતો નથી,  પણ બાળકો મેળવેલા જ્ઞાનને નવા સંજોગોમાં અને જીવનમાં તેનો ઉપયોગ કરી શકે તે અતિ આવશ્યક છે આથી અભ્યાસક્રમમાં બાળકો મેળવેલા જ્ઞાનનો ઉપયોગ કેમ કરી શકે તેની પણ જોગવાઈ કરવાની જરૂર છે અભ્યાસક્રમ દ્વારા મેળવેલા જ્ઞાનનો ઉપયોગ કરવાની કુશળતા ઉપર ભાર મૂકવો પડશે તેને કારણે અભ્યાસક્રમમાં જરૂરી ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થઇ છે.

# રાજ્ય

- સ્વતંત્ર થયા પછી આપણે લોકશાહી રાજ્યવ્યવસ્થા અને લોકશાહી સમાજ વ્યવસ્થાનો સિદ્ધાંત અપનાવ્યો. લોકશાહી રાજ્યવ્યવસ્થામાં શિક્ષણનું મહત્વ લોકોને સમજાયું છે શિક્ષણ અંગેની જાગૃતિ આવી છે આથી લોકશાહી દેશમાં કોઈપણ વ્યક્તિ નિરક્ષર હોવી ન જોઈએ. સમાજની જરૂરિયાત ને ધ્યાનમાં રાખીને આપણે આપણા બંધારણમાં દેશના 6 થી 14 વર્ષની ઉંમરના બાળકો માટે પ્રાથમિક શિક્ષણ મફત, સાર્વત્રિક અને ફરજિયાત બનાવ્યું છે હવે વિશાળ જનસમુદાયને શિક્ષણ આપવાનું છે. દેશના વિશાળ જનસમુદાયને અનુરૂપ અભ્યાસક્રમ માં અનેક ફેરફારો કરી દરેકની માંગ અને વૈયક્તિક તફાવતનો પોષી શકે તેવો બનાવવો પડે.

# સમાજ

- સમાજમાં પરિવર્તન આવે તો શાળાના અભ્યાસક્રમમાં પણ પરિવર્તન આવવું જોઈએ સમાજની માંગ જરૂરિયાતો અને અપેક્ષાઓ શાળાના અભ્યાસક્રમમાં દ્વારા પોષાવી જોઈએ સમાજની જરૂરિયાત તથા અપેક્ષાની ધ્યાનમાં રાખીને શાળાના અભ્યાસક્રમની  રચના કરવી પડે અને સમાજ સાથે તાલ મિલાવવા પડે કારણ કે શાળામાં આવતું બાળક એ સમાજમાંથી આવે છે અને શાળાએ બાળકને સમાજના ભાવી નાગરિક તરીકે તૈયાર કરે છે એટલે સમાજના પરિવર્તનની સાથે સાથે શાળાએ હંમેશા પરિવર્તનશીલ રહેવું જોઈએ વર્તમાન સમયમાં શાળા અભ્યાસક્રમના જૂના ઢાંચાને બદલવાનો પ્રયત્ન થયો છે તેમ છતાં જૂના અભ્યાસક્રમને પાયામાંથી જ બદલી નાખવાની તેની નવું સ્વરૂપ આપવાની પરિસ્થિતિ ઊભી થઇ છે.

# નૈતિક સિધ્ધાંત

- અભ્યાસક્રમ આલેખનમાં નૈતિક સિદ્ધાંતો પણ ધ્યાનમાં લેવા જોઈએ, હાલના સંજોગોમાં વિશ્વ શાંતિ માટે ની ભાવનાનો વિકાસ ખૂબ જ જરૂરી છે બાળકમાં સહકારની ભાવના કેળવાય, બાળકનો સર્વાંગી વિકાસ થાય તેનો માનસિક, વ્યવહારિક, સામાજિક, આધ્યાત્મિક, નૈતિક અને ભાવાત્મક વિકાસ થાય એવો અભ્યાસક્રમ આપણી શાળાઓ માટે તૈયાર કરવો પડશે નૈતિકતા બાળકને સારા નાગરિક તરીકે તૈયાર કરવાની ભૂમિકા ભજવે છે આમ અભ્યાસક્રમમાં એવી બાબતો મૂકવી જોઈએ જે બાળક માં સારા ચરિત્રનું નિર્માણ કરી શકે.

# જ્ઞાન

- જ્ઞાન ને અંગ્રેજીમાં નોલેજ કહેવામાં આવે છે નોલેજ to know શબ્દ પરથી ઉતરી આવ્યો છે જેનો અર્થ જાણવું એવો થાય છે આમ જાણવું એટલે તથ્યો અથવા સત્યને ઓળખવું, ભેદ કરવો,માહિતગાર થવું, અર્થ કરવો
- જાણવું એટલે પ્રાપ્ત થયેલ માહિતી અંગે વિશ્લેષણાત્મક તથા સંશ્લેષણાત્મક ચિંતન કરવું. જ્ઞાન સાથે ત્રણ તત્વો સંકળાયેલા છે જ્ઞાતા, જ્ઞેય અને જ્ઞાનક્રિયા
- દિવસે દિવસે જ્ઞાનની સીમાઓ વિસ્તરતાં જાય છે જ્ઞાનની બધી જ શાખાઓ મા જ્ઞાન કૂદકે અને ભૂસકે વધી રહ્યું છે એટલે દરેક વિષયમાં નવા જ્ઞાનને શાળાના અભ્યાસક્રમમાં સમાવી લેવાના પ્રયત્નો જરૂરી છે જો આ પ્રમાણે નહીં થાય તો આપણા દેશના બાળકો બીજા દેશના બાળકોની સરખામણીમાં ખૂબ જ પાછળ રહી જશે

# અધ્યેતા (શીખનાર)

- આજનું શિક્ષણ બાળકેન્દ્રી બન્યું છે બાળકોનો સર્વાંગી વિકાસ કરવો એ જ શિક્ષણનું ધ્યેય બન્યું, બાળકોના વિકાસમાં સમજ અને યોગ્યતા કેળવવી, બાળકો અને પ્રૌઢો વચ્ચેના વ્યક્તિગત ભેદભાવ ને પારખવા, તેમના રસ અને રૂચિ, તેમની શક્તિ અને મર્યાદાઓ તેમ જ તેમના વલણને પારખવા તેમજ વિકસાવવા વગેરે મનોવૈજ્ઞાનિક ખ્યાલોને નવા પ્રયોગાત્મક ક્ષેત્ર ના દરવાજા ખોલી દીધા છે જેને પરિણામે અભ્યાસક્રમને નવી દ્રષ્ટિ છાપડી છે માટે શીખનારને ધ્યાનમાં રાખી અભ્યાસક્રમ ઘડાવવો જોઈએ.